# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

તાનમાં જૂથો, પ્રગતિ બાનમાં, 'સૂર'માં ગાન નથી!
પૂછતું નથી કોઇ ગૂજરાતને કયાંક સ્થાન નથી!
શાન-ભાન ભૂલાઇ ગયાં ચૂંટણીના પરિણામથી -
છે સલાહકાર સોનીયાના પણ કંઇ માન નથી!
(કેબીનેટ વિસ્તરણ)

## હાઇકુ

'પ્રવિત્ર ગંગા'
ધોઇ નાખી યાત્રાઓ -
રૂદ્ર સ્વરૂપે..

ભણશે કેમ?
શાળા પ્રવેશ પછી -
પુસ્તકો વિના - ..

## ચિંતન

**વિશ્વાસપ્રતિપન્નાનાં વચને કા વિદગ્ધતા ।**
**અંકંમારૂહ્ય સુપ્તાનાં હન્તુઃ કિ નામ પૌરૂષમ? ॥**

જે વ્યક્તિ તમારા પર વિશ્વાસપૂર્વક તમારા આશ્રયે હોય એને છેતરવામાં શી ચતુરાઇ? જે આવીને નિશ્ચિંત પણ તમારા ખોળામાં સૂઇ રહેલા હોય તેણે હણવામાં (મારી નાખવામાં) શું પરાક્રમ છે?

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો આ શ્લોક આજના કળિયુગી કાજકારણમાં રમાતા વિશ્વાસઘાતના આઘાત અને પ્રતિઘાતના પડઘા પાડે છે.

આજકાલ દગાબાદી-વિશ્વાસઘાત એ તદ્દન સ્વભાવિક થઇ ગયાં છે. ઘરમાં વિશ્વાસ જીતીને કામ કરનારા નોકર-ચાકર વયોવૃદ્ધ ને મારી નાખી મિલ્કત લૂંટી જાય છે. ઘરમાં જ ભત્રીજા-કુટુંબી કરોડપતિ સંબંધીની મિલ્કતમાં ભાગ પડાવવા 'અપહરણ'ના કારસા ગોઠવે છે. પતિ-પત્ની પણ એકમેકના જીવ લેતાં અચકાતાં નથી. પ્રેમમાં વિશ્વાસઘાત કરે છે.

રાજકારણમાં પણ જેના ખભે પગ મૂકી તમે ઉપર ચઢ્યા હો - તેને જ લાત મારવાના વહેવાર તદ્દન સ્વાભાવિક થઇ ગયા છે. ઉલ્ટું ને આવા વિશ્વાસઘાતીઓ 'રાજકારણ'ના ખાટું સમજવામાં આવે છે.

આ શ્લોકમાં આવા વિશ્વાસઘાતીઓની નિંદા કરવામાં આવી છે જે તમારામાં સંપૂર્ણ વિશ્વાસ મુકી નિશ્ચિંત થયા છે તેનાથી વિશ્વાસ ભંગ કરવામાં તમારી ચતુરાઇ કે પરાક્રમ કેમ કહેવાય?

## સુવિચાર

- પ્રેમ એક એવી રમત છે જેમાં બુદ્ધિની હાર છે **- જ્ઞાનદીપ**
- જે કોઇ દિવસ હાર્યો જ નથી એને જીતનો સાચો આનંદ કયારેય આવતો નથી- **ભાણદેવ**
- આપણે જો ભૂલો વિનાના હોત તો આપણને એ બીજામાં શોધવામાં આટલો બધો આનંદ ન આવતો હોત **- ફ્રેન્ચ કહેવત**
- આજનો દરેક માણસ પડછાયામાં જીવે છે. પડછાયો નાનો થાય છે ત્યારે હરખાઇ જાય છે **- સચ્ચિદાનંદ**
- જે માણસ માત્ર વાત, ગોસિપ કે અફવાથી ડિસ્ટર્બ થતો હોય તેને હેરાન કરવો સૌથી સરળ છે **- સંત કેવિન**
- ખરાબ કંઇ જ નથી જો સારૂ જ જોવાની તમારી તૈયારી હોય તો **- એસ. ભટ્ટાચાર્ય**

## બોધ કથા

કુદરતી આફતોના વિનાશક તાંડવમાં કે શેર-સટ્ટાના વમળમાં કે ઉધારી-લોનનાં કુંડાળામાં અટવાઇ માણસ થાકી-હારી-નાસીપાસ થઇ જાય અને કયારેક તો સમગ્ર પરિવાર સામે ઝેર પી સંજોગોને શરણે થઇ જાય છે. આ અપરિપકવ, નકારાત્મક વિચારોનું પરિણામ છે. ગમે તેવા ખરાબ સંજોગો પરિણામનો હિંમતભેર સામનો કરી લડી લેવું જોઇએ..

૧૯૧૪ની સાલમાં થોમસ આલ્વા એડીસન ૬૭ વર્ષનાં હતા. એ મહાન શોધોના સંશોધક અને વૈજ્ઞાનિક - એક સાંજે 'ડીનર' લેતા હતા. સામે પત્ની અને પુત્ર સાથે હળવી મજાક-મસ્તી ચાલુ હતી. ત્યાં એક સમાચાર આવ્યા - કે 'તમારી લેબોરેટરીમાં આગ લાગી છે.'

થોમસ, તેના પત્ની અને પુત્ર ત્રણે દોડતાં લેબોરેટરી પાસે પહોંચ્યાં પણ સમાચાર ઘણાં મોડા મળ્યા હતા. બધુ જ બળીને ખાખ-ભસ્મીભૂત થઇ ગયું હતું.

પત્ની, પતિના શ્રમ અને સંશોધનોનું મૂલ્ય સમજતાં હતા. ચિંતા ભરી નજરે પતિ સામે જોયું!

થોમસે-સ્વસ્થ સ્વરમાં કહ્યું : જોયું આવી ભંયકર આગ કદી જોઇ હતી? આપણે ઇશ્વરનો આભાર માનીએ કે મેં કરેલી ભૂલો બળીને ખાખ થઇ ગઇ! હવે નવેસરથી નવી ભૂલોની શરૂઆત કરીશ!

આવો હોય સકારાત્મક અભિગમ..

E-mail : sureshchandrabhatt18@gmail.com

# શાકને રસા સાથે શું નિસ્બત હશે એ સમજવા હજુ ફાંફાં મારૂં છું, પણ... શાક ન હોય ત્યારે... એકલું પાણી વઘારી એમાં મસાલો ના કરી શકાય?

## રસાવાળા શાકના રસિયાઓ માટે... ધૂપસળી ધૂણાવે આકાશ

(હાસ્ય લેખ)

- ગિરા પિનાકીન ભટ્ટ

શાક હું, તમે અને આપણે બધાં જ ખાઇએ છીએ. પરંતુ... હું કંઇક જુદા જ રસાવાળું શાક બનાવું છું કે શું... મારો ટેસ્ટ કંઇક અલગ છે... મારી રીત કંઇક અલગ છે... કે મારી જીભ કંઇક જુદી છે પણ મને દરેક શાક રસાવાળા ભાવે. પછી એ ભીંડા જ કેમ ના હોય!

ભીંડાનું શાક વઘારી એક લોટો પાણી નાખી ભરપૂર રસો કર્યો. રસાનો મહિમા તમે કયાંથી જાણો... એ તો જાણે એક બનાવવાળા ને બીજો જાણે ઉપરવાળા. ત્રણ વ્હિસલ કૂકરની વાગી ને રસાદાર શાક તૈયાર. શાક ચાખનારા સૌ આશ્ચર્ય ચકિત.

'બહેન... તમારા હાથમાં ભારે કળા છે હોં...'

'જે રહી ગયા જમ્યા વિના એના ભોગ... બાકી, કળાની બાબતોમાં કોઇ ન જાણે એવી કાબિલેદાદ કળા કરી જાણું છું...'

મારૂં બોલવાનું અધવચાળે જ અટકાવી કહ્યું : 'તમારો હાથ આમ રસોઇમાં અજમાવ્યો, એનાં કરતાં લહી (ગુંદર જેવો પદાર્થ) બનાવવાના કામમાં વાપરવો જોઇએ... કીર્તિ અને કમાણી બંને થશે... આવું સાંભળતાં જ આ હરખાયેલી નાચી ઊઠી... અરે! અરે! લોકો તો કરવા જાય કંસાર ને થઇ જાય થૂલું... જયારે મારે હાથે... ખુદ મારા હાથ હા, ખુદ મારા હાથમાં કેવી અદ્દભુત કળા છે. હું ગુંદર બનાવી જાણું છું. એની ફેકટરી ખોલી અઘધ કમાણી કરી શકું છું... સાચો ઝવેરી જ હીરાની પરખ કરી શકે... આગંતુકને પણ વધામણી તો આપવી જ રહી. એ ન્યાયે એકડીશ રસાદાર શાક એમને પણ... જહ હો... રસીક જનોનો...'

આમ રસાવાળા શાક મને જ ભાવે એવું નથી. ઘણાં ખરોને શાક રસાવાળાં ભાવતાં હોય... ખુદ ભૂતપૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીને પણ રસાવાળા શાક ગમે છે... પણ કારેલાનું, ભીંડાનું રસાવાળું ગમે કે નહીં એ પૂછવું રહ્યું.

શાકને રસા સાથે શું નિસ્બત હશે એ સમજવા હજુ ફાંફાં મારૂં છું, પણ... શાક ન હોય ત્યારે... એકલું પાણી વઘારી એમાં મસાલો ના કરી શકાય? ... એક રેસીપી નવી શોધાઇ જાય ને રસા નો રસો... જય હો રસાના જલસાની.

ઉપરોક્ત પ્રયોગ હજી આદરવાનો બાકી છે, પરંતુ હું રહી ભારતીય નારી. ખાવું અને ખવડાવું, એ ન્યાયે એ વાનગી માટે શુભ ચોઘડિયાને શુભ દિનની રાહ જોવાઇ રહી છે. નવો મહેમાન નવો અખતરો... એ ન્યાયે કોઇ જમવા પણ બેસતા નથી. મારા ઘરવાળા મને સતત કહેતા રહે છે કે... તારા હાથની રોટલી કૂંતરા ય ખાતાં નથી. આ તો અમારે છૂટકો છે... ખાઇ લઇએ છીએ ચૂપચાપ.

હવે નિર્ણય તમારે જ આપવાનો છે. શાણું કોણ? કૂતરાં, મારા ઘરવાળા કે હું? ... આમ નિર્ણય કરવામાં પણ તમે નવ કલાક કરી દીધા, ને મેં એક લિટર પાણીમાં એક માત્ર બટેટું બાફવા મૂકયું તેય ગળી ગયું હશે... બાપ રે! કલાકેંક બટેટું પાણીમાં ઉકળીને એની કઢી થઇ ગઇ. છાલ, ગાલ, બધુ એકાકાર... શું કરવું? ... તમે જ કરી ધો ને... જય હો રસાલાલની ... ને એ ન્યાયે એ બટેટાની દાળ વઘારી દીધી. પછી જલસા જ જલસા. ખતરાથી ડરવું નહીં ને આમ અખતરા કર્યે જ જાવ... કયારેક ગુંદરની ફેકટરીના માલિક બની જશો...

**તા.ક.** દાળને રસાવાળું શાક ના કહી શકાય?

# સફળ જનસંપર્ક અધિકારીના લક્ષણો

## માહિતી મંચ

- દિલીપ પ્રજાપતિ

આપણા રોજિંદા જીવનમાં મહત્ત્વનું પરિબળ જનસંપર્ક છે. જનસંપર્ક દરેક જગ્યાએ મહત્ત્વનો ભાગ ભજવે છે. તમે ઘરમાંથી લઇને રસ્તામાં આવતા દરેક વ્યક્તિઓ જેવા કે રિક્ષાવાળા, બજારમાં શાકભાજી લેવા જાવ તો શાકભાજીવાળા, દુકાનદાર, ઓફિસમાં સહકર્મચારી વગેરે સાથે વાતચીત કરવામાં જનસંપર્ક એ મહત્ત્વનું છે. જનસંપર્ક દ્વારા તમે પોતાની એક સારી પ્રતિષ્ઠા મેળવી શકો છો. હવે સવાલ એ છે કે સફળ જનસંપર્ક અધિકારી બનવા માટેના ગુણો કયા કયા જોઇએ? પણ આ પ્રશ્નનો સરળ જવાબ નથી.

♣ સફળ જનસંપર્ક અધિકારી બનવા માટે લક્ષણો આવા હોવા જોઇએ જેવા કે, એવું વ્યક્તિત્વ કે જે બીજાના ઉપર પ્રભાવ પાડી શકે.

♣ વાત વાતચીતમાં પોતાની આગવી સ્ટાઇલ

♣ સામેની વ્યક્તિને ઝડપભેર પારખવાની સૂઝ,

♣ નવી નવી કલ્પનાઓ કરવી અને પોતાના વિચારોને લોકોની સમક્ષ રજૂ કરવાની એક આગવી કળા.

દરેક વિષયનું જ્ઞાન, હસમુખ વ્યક્તિત્વ અને હંમેશા દરેક વ્યક્તિને વિશ્વાસ આવી જાય તેવું કાર્ય. ઉપરોક્ત તમામ લક્ષણો જો જનસંપર્ક અધિકારીમાં હોય તો તે એક સફળ જનસંપર્ક અધિકારી બની શકે છે.

જનસંપર્ક અધિકારી મુખ્યત્વે પત્રકારત્વનાં ક્ષેત્રે જોડાયેલા લોકો વધારે હોય છે. કારણ કે, પત્રકારત્વ સામાન્ય રીતે રોજબરોજ બનતી ઘટનાઓનું વધારે પ્રમાણમાં જ્ઞાન હોય છે. અને આ ક્ષેત્રમાંથી આવતા વ્યક્તિઓ પોતે સફળ નીવડી શકે છે. બીજી વાત કરીએ તો પોતે સફળ નીવડે શકે છે. બીજી વાત કરીએ તો માર્કેટીંગ ક્ષેત્રે કાર્ય કરતા વ્યક્તિઓ પણ આ ક્ષેત્રમાં જોડાઇને નામના મેળવી શકતી હોય છે. માર્કેટીંગના વ્યવસાયમાં અલગ-અલગ પ્રકારની વ્યક્તિઓનાં સંપર્કમા આવવાનું હોય છે. અને આવી વ્યક્તિઓ આપણને કયો સવાલ કયારે કરશે એનો આપણને ખબર હોતી નથી, અને આવી વ્યક્તિને આપણે તેની સમસ્યાનું નિવારણ યોગ્ય રીતે લાવી શકતા હોવાને કારણે આવી વ્યક્તિઓ પણ જનસંપર્ક અધિકારી તરીકે સફળતા મેળવી શકતા હોય છે. જનસંપર્ક અધિકારી બનવા માટે ફક્ત ડિગ્રીની જરૂર નહિ પણ સાથે સાથે અનુભવની પણ એટલી જરૂરીયાત છે.

આપણા દેશની મોટા ભાગની કોર્પોરેટ ઓફિસોમાં જનસંપર્ક અધિકારી રાખવામાં આવતા હોય છે અને આવા અધિકારીઓનું મુખ્ય કામ કંપની અને તેના કર્મચારીઓ સાથે સીધો જ તાલમેલ બેસાડવાનું કામ કરવાનું હોય છે અને આવી વ્યક્તિઓ દ્વારા જ આ કામ સફળ બની શકે છે. જયારે કોઇ કંપનીનો નફો ઘટતો હોય છે. તે દરમિયાન જનસંપર્ક અધિકારીની ખરી કસોટી થાય છે અને તેમાં ઉત્તીર્ણ થવાનું કામ જનસંપર્ક અધિકારીનું છે.

સફળ જનસંપર્ક અધિકારીમાં આ પણ ગુણો હોવા જરૂરી છે.

♣ સારૂં વ્યક્તિત્વ

♣ ચારિત્ર્ય, નિષ્ઠાવાન

♣ કુશાગ્ર બુદ્ધિ

♣ સારી કેળવણી

♣ વહીવટ કરવાની ક્ષમતા અને

♣ ઝડપથી નિર્ણય લેવાની શક્તિ.

જો આ તમામ ગુણો હોય તો એક સફળ જનસંપર્ક અધિકારી તરીકે યોગ્ય ઠરે છે.

# દિવસો બધાં જ સરખાં નથી હોતા. દોમ દોમ સાહેબી ભોગવ્યાં પછી દાણા-દાણા માટે વલખાં મારવાનો વારોય આવી શકે છે, પરંતુ સાચો ભક્ત સાચો ફકીર તો અભાવમાંય ભાવ જાળવી શકે છે, મસ્ત, મગ્ન રહી શકે છે

## સખીને પત્ર

- સ્વાતિબા રાઓલ

પ્રિય સખી,

'અષાઢસ્ય પ્રથમ દિવસે' જો કે, અષાઢ તો શરૂ થયો નથી પરંતુ આપણે તો અંગ્રેજી કેલેન્ડરના તારીખીયાં એટલે પહેલો વરસાદ જ આપણને અષાઢનો પ્રથમ દિવસ લાગે! મન મોર બની થનગાટ કરી મુકે તેવા વરસાદ પછી વ્હાલી લાગતી બપોરે હું ચાલતાં... ચાલતાં... ઘરે જઇ રહી હતી. રસ્તામાં જે મળે તે પૂછે, "બેન આજે કેમ ચાલતાં? તમારૂં સ્કૂટર કયાં ગયું? દરેક આગળ ખુલાસો કરવો શકય નહોતો એટલે માત્ર સ્મિત આપીને આગળ નીકળી જવાનું જ મુનાસિબ માન્યું. પણ મજામાં વિચારમાત્રા ચાલુ થઇ ગયું. નિર્જિવ લાગતી વસ્તુઓ પણ જયારે આપણી સાથે અભિન્નપણે જોડાઇ જાય છે ત્યારે આપણાં વ્યક્તિત્વનો જ એક હિસ્સો બની જાય છે. તે વસ્તુને બાદ કરો તો આપણું વ્યક્તિત્વ કદાચ અધુરૂ લાગતું હોવું જોઇએ, સાથે સાથે મીરાબાંઇની પંક્તિઓ પણ મનમાં અનાયાસ ઉગી આવી..."

"કરના ફકીરી ફિર કયા દિલગીરી
સદા મગન હી રહેના જી!
કોઇ દિન હાથી ને કોઇ દિન ઘોડા
કોઇ દિન પૈદલ ચલના જી!"

દિવસો બધાં જ સરખાં નથી હોતા. દોમ દોમ સાહેબી ભોગવ્યાં પછી દાણા-દાણા માટે વલખાં મારવાનો વારોય આવી શકે છે. પરંતુ સાચો ભક્ત સાચો ફકીર તો અભાવમાંય ભાવ જાળવી શકે છે.મસ્ત, મગ્ન રહી શકે છે. પણ ચાલવાનો આનંદ લેવાની મારી ફકીરી તો મેં સ્વીકારેલી નહિ પણ આવી પડેલી ફકીરી હતી. સ્કૂટર બગડ્યું - ચાલું ન થયું એટલે ચાલતાં નીકળવું પડ્યું ને પાછા વિચારો તો ફકીરીનાં! આ ફકીરી દંભ નહિ તો શું છે?

સાધુતા કે ભક્તિ કોઇ પ્રયત્ન વગર અનુભવાય તો તે સાચી ફકીરી છે. પરંતુ આપણી ધાર્મિકતા તો ભય અને અભિમાનની સંતાન છે. ભક્તિ નહિ કરીએ તો આપણે કરેલાં પાપ કેમ કરીને ધોવાશે? આ ભય આપણને ભક્તિ તરફ ધકેલે છે. જાણ્યે અજાણ્યે કબૂલ કરીએ છીએ કે આપણાં કર્મો ભગવાનની નજરમાં ગુનો છે. એ જ રીતે આપણે ધારણ કરેલી ફકીરી આપણા અભિમાનને ઢાંકવાનો બુરખો છે. અખો કહે છે તેમ 'માંહ્યલુ મન માયામાં ફરે, વેખરીએ વાત બ્રહ્મની કરે.' મારી પાસે સોના-ચાંદીનાં ઘણા બધાં ઘરેણા ન હોય ને હું કહું કે 'મને સોનાનો મોહ નથી.' આપણે તો હદ હાલમાં સુખી.' અને ખરેખર દાગીના ભરેલો ડબ્બો એક પળમાં ત્યાગી દઇએ તે બંને વાતમાં બહુ ફરે છે. બે ટંક ખાવા પરામે મળતું હોય ત્યારે કહેવું કે મને સ્વાદમાં ચટાકા નથી અને ૩૨ પકવાનના ભર્યા થાળ પરથી પ્રેમથી ભૂખ્યાં ઉઠવું એ ભિન્ન બાબતો છે. તમારી પાસે હોય અને કોઇ મજબૂરી કે લાલચ વગર તમે ત્યાગ કરી જાણો તે સાચી ફકીરી.

અમારા એક ઓળખીતા બેને ઘીની બાધા રાખી. એની વાત કરતાં મને કહે આમેય મહારાજે કહ્યું હતું કે કોઇ એક વસ્તુની બાધા લો અને મારૂં વજન વધતું જતું હતું એટલે ઘી જ છોડી દીધું! આપણો ધર્મ સગવડીયો ધર્મ છે અને બીજી પણ એક માનસિકતા છતી થાય છે કે આપણે ઇશ્વરને આપણાં જેવો જ ધારી લીધો છે, લાંચીયો, રૂશ્વતખોર, બે અગરબત્તી, પાંચ દીવા, સુખડીનો થાળ, શ્રીફળ કે કીલો પેંડાની લાલચ આપીને આપણે પરીક્ષામાં પાસ થવાની માંડીને બંગલો, ગાડી, લાડી કે ખોવાઇ ગયેલી કિંમતી ચીજવસ્તુ માંગતા હોઇએ છીએ. મારા મોટા બાપુ એક વાત કાયમ કરતાં. એક ગામમાં એક માજી રહે. ખૂબ જ ગરીબ. એકવાર તેમને થોડા રૂપિયાની જરૂર પડી. તેમણે ભગવાનને પ્રાર્થના કરી. 'યા અલ્લાહ! મેરી થોડી જરૂરત પુરી કરી દે તો મૈં તુમ્હે ઇતની બડી રોડી ખિલાઉંગી ઇતની રોટી ખિલાઉંડી, પૂરે આસમાન કે જીતની બડી!' કોઇ એ આ સાંભળીને માજીને ટોક્યાં, 'ઓ માજી! તમારે જ બે ટંક રોટીના ફાંફા છે તમે કયાંથી આવડી મોટી રોટી બનાવી શકવાના છો? માજી નાક પર આંગળી મુકી ચૂપ રહેવાનો ઇશારો કરતાં કહ્યું, "અરે ચુપ! યે તો મૈં ખુદા કો ફુસલાતી હૂં!" આપણે આ જ કરી રહ્યાં છીએ ભગવાનને ફોસલાવવાનું કામ. બાકી આનંદના ગરબામાં તાળીઓ પાડતી ભક્તિમાં તરબોળ મહિલાઓ કોઇનાં ઘરના આનંદમાં પલીતો ચાંપતાં પહેલાં સો વખત વિચાર ના કરત?'

અમે નાના હતા ત્યારે એક પાઠ અમારે ભણવામાં આવતો 'મને ગમે તે આપું!' એક નગરશેઠની હવેલામાં આગ લાગી. નગરશેઠ તો બચીને બહાર નીકળી ગયા. પરંતુ ચાર કિંમતી રત્નો ભરેલો દાબડો બળતા ઘરમાં રહી ગયો. નગરશેઠ એકઠાં થયેલાં લોકોને વિનંતી કરવા લાગ્યાં કે કોઇ બળતાં ઘરમાં જઇ રત્નોનો દાબડો લઇ આવે. આખરે એક બહાદુર વ્યક્તિ આગમાં જવા તૈયાર થયો પરંતુ તેણે નગર શેઠને પૂછ્યું કે, 'મને શું આપશો? નગરશેઠે જવાબ આપ્યો 'તું એકવાર રત્નોનો દાબડો લઇ આવ પછી એમાંથી ગમે તે તને આપીશ.' પેલો માણસ જીવના જોખમે દાબડો પાછો લઇ આવ્યો. હવે શેઠની દાનત ફરી ગઇ. તેમણે રત્નો લઇ લીધાં ને ખાલી દાબડો પેલા માણસને આપ્યો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# દુઃખ વહેંચવા માટે અને મુશ્કેલીઓનાં નિવારણ માટે ઘરથી વધુ સારી બીજી કોઇ જગ્યા નથી

## સુખી ઘર સ્વર્ગ સમાન

### પોઝિટિવ થિન્કિંગ

- યશવંત કડીકર

રમેશ આજકાલ ખૂબ જ બેચેન જણાય છે. તે કોઇ ઊંડી ચિંતામાં ફસાયો હોય એમ લાગે છે. એને કોઇ ચિંતા અંદર ને અંદર કોરી રહી છે. આનો ઉપાય શોધવા માટે તે દિન-રાત પર્યત્નશીલ હોય એવું લાગે છે. પરંતુ...

આવું તો લગભગ દરેક ઘરમાં જોવા મળે છે. આજે તો સૌ કોઇ ચિંતિત છે, પરંતુ દરેક જણ પોતાની ચિંતા કરે છે, પોતાને સુખી જ રાખવા માગે છે. લોકો પોતાની સમસ્યાઓની પોતીકાંઓ સાથે પણ ભાગીદારી કરવા નથી ઇચ્છતા.

એક જ ઘરમાં બધા સાથે રહેવા છતાં, એકબીજા સાથે અજાણ્યાં બનીને રહેતાં હોય છે. ઘણી વાર તો એકબીજા સાથે શાંતિથી હળવા-મળવાનું મહિનાઓ સુધી શક્ય બનતું નથી. ખૂબ જ વિચિત્ર પરિસ્થિતિ છે. આ કદાચ આપણી વધુ પડતી મહત્ત્વકાંક્ષાનું જ કારણ હશે.

સમાજશાસ્ત્રીઓનું માનવું છે કે એક માણસે જયારે પોતાની યુવાવસ્થામાં હોય છે, ત્યારે એ ખૂબ જ મહત્ત્વાકાંક્ષાઓમાં ઘેરાયેલો હોય છે. વધુમાં વધુ પૈસા કમાવા, ખૂબ જ કામો કરવાં અને પોતાની યુવાનીનો ભરપૂર આનંદ લૂંટવો, પરંતુ આ બધા વચ્ચે તે પોતાનાં કુટુંબીજનો, પત્ની અને બાળકોથી દૂર થઇ જાય છે. સામાન્ય રીતે આવું ઘણાં ઘરોમાં જોવા મળે છે.

સવારે જયારે તે ઉઠે છે ત્યાં સુધીમાં તો બાળકો શાળાએ ચાલ્યાં ગયા હોય છે અને સાંજે જયારે તે ઘરે પાછો ફરે છે, ત્યારે બાળકો સૂઇ ગયાં હોય છે. એટલે બાળપણમાં જયારે બાળકો પોતાનાં માતા-પિતા પાસે વધુ સમય અને પ્રેમની આશા રાખતાં હોય છે, ત્યારે તેમને એકલા સમય ગુજારવો પડે છે. એટલે આવી રીતે એકલતા ભોગવતું બાળક જયારે યુવાન થાય છે, ત્યારે તે પોતાની દુનિયા જુદી રીતે ઊભી કરી લેતું હોય છે. પોતાની યુવાની પોતાના ઘરમાં જ મહેમાન બની જાય છે. બાળક યુવાન થતાં પિતાએ ઉંમરે પહોંચી જતા હોય છે, જયારે તે એમનાં બાળકોનું સાંનિધ્ય ઇચ્છતા હોય છે, પરંતુ કુટુંબમાં એકલતાની જગ્યાએ ત્યાં સુધીમાં છિન્નભિન્નતા પ્રવેશી ચૂકી હોય છે. એ કુટુંબનો દરેક સભ્ય ચિંતાગ્રસ્ત જોવા મળે છે. મનોવૈજ્ઞાનિક અધ્યાપિકા આશા દવે માને છે કે કૌટુંબિક ઐક્યના અભાવથી મુશ્કેલીઓ અને માનસિક સમસ્યાઓ આપણને ઘેરી વળતી હોય છે. વ્યક્તિ પોતાનાં જ કુટંબીજનોને કહી નથી શકતી અને આવા સમયે એ વ્યક્તિના પોતાના જ વિચારો એના માટે સર્વોપરી બની જતા હોય છે.

અધ્યાપિકા આશા દવેનું કહેવું છે કે વ્યક્તિનું એકતરફી વિચારવું એ સમસ્યા વધારનારૂં છે. એ કોઇ પણ સમસ્યાનું નિરાકરણ નથી બની શકતું. અને પછી તો આવી રીતે એક તરફી વિચારવું તે વ્યક્તિ માટે ટેવ બની જાય છે અને પછી તે વ્યક્તિની સંવેદનશીલતા ખતમ થઇ જાય છે. આવી સ્થિતિનું પરિવર્તન કરવું એ પણ મુશ્કેલ બની જતું હોય છે. એનામાં આક્રમક પ્રવૃત્તિ ઘર કરી જાય છે. આ પ્રવૃત્તિ અલગતાવાદને સર્જે છે. આનું પરિણામ એ આવે છે કે તે વ્યક્તિ પરિસ્થિતિનો સામનો કરવાને બદલે તેનાથી ભાગતી ફરે છે. આ સ્થિતિ સમાજ માટે પણ સારી નથી.

કહેવાય છે કે કોઇનું દુઃખ સાંભળવામાં આવે, તો એનું અર્ધુ દુઃખ તો એમ જ ઓછું થઇ જાય છે અને એ પછી તો સાથે મળીને મુશ્કેલીનો માર્ગ પણ કાઢી શકાય છે. દુઃખ વહેંચવા માટે અને મુશ્કેલીઓનાં નિવારણ માટે ઘરથી વધુ સારી બીજી કોઇ જગ્યા નથી.

આ માટે આપણે પૂરેપૂરા પ્રયત્ન કરવા જોઇએ અને આ પ્રયત્નો એવા સહજ હોવા જોઇએ કે કુટુંબના દરેક સભ્યને એવું લાગે કે આ મારૂં ઘર છે અને એ માટે તેઓ દરેક પોતપોતાની જવાબદારી સમજે.

આ પ્રયત્નમાં છુપાયો છે કુટુંબનો અમર્યાદિત પ્રેમ. તે છે કૌટુબિંક મિટીંગ.

આપણે આપણાં ઘરમાં, ઘરમાં બધાં સભ્યને એક સાથે અનુકૂળતા પ્રમાણે એકઠાં કરવાં પડશે, પછી તે સવારનાં નાસ્તાનાં ટેબલ હોય કે રાતનાં ભોજનનું, બધાં સાથે હોય, થોડુંક હસવા - મજાક કરવાનું હોય એન આની શરૂઆત તમે જ કરો. તમારી મુશ્કેલીઓ ઘરનાં વડીલ અને બીજાં સભ્યો સમક્ષ મૂકો. આના વિશે. બધાંના વિચારો જાણો. બધા પાસેથી આ મુશ્કેલીઓનું નિરાકરણ જાણી લેવું જોઇએ. આનાથી ઘરનો દરેક સભ્ય પોતાને અલગ ના માનતાં આ કુટુંબ સાથે જોડાયેલો સભ્ય છે, એવું માનવા લાગશે અને અને મળશે એની મુશ્કેલીઓનું નિરાકરણ. આનાથી દરેક સભ્યની એકલતા પણ ઓસરતી જશે. આ મિટીંગનો લાભ ઘરનાં વડીલોને મળશે, કારણ, એકલતા એ એમની પણ વેદના છે અને તમે પણ એમનાં અનુભવોનો લાભ લઇ શકશો અને ઘર વ્યવસ્થિત બની જશે.

ફકત મનોવૈજ્ઞાનિક જ આ વાત જ નથી કરતાં, પરંતુ આપણેય એ વાતનો અસ્વીકાર ના કરી શકીએ કે ઘરનાં સભ્યોને જ ઘરમાં કોઇ સાથી ના મળે, તો એને શોધવા એ બહાર ચાલ્યો જાય છે. જયારે માનવી પોતાના જ ઘરમાં આત્મીયતા ના અનુભવી શકે, ત્યારે એ બહાર આત્મીયતા મેળવવા પ્રયત્ન કરતો હોય છે. તમે તમારા માળાના દરેક પીછાને એક તાંતણે તો બાંધી જ શકો. સાથે માનસિક રીતે એનો વિકાસ પણ કરી શકો. દરેક અઠવાડિયે એક મિટીંગ તમે તમારા ઘરમાં કે કોઇ પણ સમયે બોલાવી ઘરનાં બધા સભ્યોને ભેગા કરો. આ રીતે કુટુંબમાં સુરક્ષા, સ્નેહ અને દોસ્તીનું વાતાવરણ ઊભું કરી, આવનાર મુશ્કેલીઓનો સામનો પણ તે કરી શકશો. પછી તમે જુઓ, આ નાની સરખી શરૂઆત બધાં સુખોને પાછાં લાવી શકશે. તમે આ જરૂર કરી શકો, કારણ, તમે જ આ કુટુંબના આધારસ્તંભ છો.